IIT ગાંધીનગર અને ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ વચ્ચે MOU

# IIT-Gn અને GIDM મળીને ભૂકંપ પ્રુફ બિલ્ડિંગના પ્લાન અને ટેક્નોલોજી પર કામ કરશે

**Talk on MOU**

સિટી રિપોર્ટર | અમદાવાદ


સુધીર કે.જૈન

ભૂકંપ જેવી કુદરતી આપત્તિઓમાં બહુમાળી ઈમારતોને થતુ નુકશાન ઘટાડવા અને બિલ્ડિંગમાં ફાયર સેફ્ટીને વધુ સારી અને ક્વિક બનાવવા માટે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી(આઈઆઈટી) ગાંધીનગરે ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સાથે એમઓયુ સાઈન કર્યા છે. આઈઆઈટી-જીએનના ડિરેક્ટર સુધીર કે. જૈન અને જીઆઈડીએમના ડાયરેક્ટર જનરલ પી. કે. તનેજાએ એગ્રીમેન્ટ પેપર પર સાઈન કર્યા હતા.

આ એમઓયુ અંતગર્ત બંન્ને સંસ્થાઓ આપત્તિ સમયે ડિઝાસ્ટર રેઝિસ્ટન્ટ કન્સ્ટ્રકશન ટેક્નોલોજી પર જોઈન્ટ રિસર્ચ વર્ક અને ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરશે. જેમાં અર્થક્વેક પ્રુફ બિલ્ડિંગ કેવી રીતે બનાવી શકાય અને તેમાં કયા પ્રકારની ટેક્નોલોજી યુઝ કરી શકાય તેના પર કામ કરાશે. આ સાથે બંન્ને સંસ્થાઓ સાથે મળીને પોતાના લેબમાં આ અંગે રિસર્ચ વર્ક હાથ ધરશે.

આ એમઓયુ વિશે વાત કરતાં આઈઆઈટી-જીએનના ડાયરેક્ટર સુધીર જૈને કહ્યું કે, 'આપત્તિઓ માત્ર જીવન પર નહીં પણ આર્થિક રીતે પણ પ્રતિકુળ અસર કરે છે. આઈઆઈટી-જીએન સેન્ટર ફોર ફાયર સેફ્ટી દ્વારા ફાયર સેફ્ટી પર કામ કરી રહ્યું છે. ત્યારે જીઆઈડીએમ સાથે એમઓયુ થતા હવે અમે આ ક્ષેત્રમાં વધારે સારું કામ કરી શકીશું.'

**Title:** IITGN&GIDM in collaboration are planning to work on earthquake resistant building technology: MOU signed between IIT-Gn&GIDM

**Source:** Divya Bhaskar (City Bhaskar) Pg.no.01

**Date:** 25/03/2018